બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પ્રેરક : પ.પૂ.મહંતસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ 1921-2021

1819-2019 વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

# યુવા અધિવેશન ૨૦૧૯

# સ્પર્ધક સહાયિકા

## પ્રવચન-નિરૂપણ-નિબંધ લેખન

સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

## ● અનુક્રમણિકા ●

**વિભાગ-૧ : વિષયોની સમજૂતી**

પ્રવચન સ્પર્ધા ૦૩

**વિભાગ-૨ : અવતરણોની સમજૂતી**

નિરૂપણ સ્પર્ધા ૧૦

**વિભાગ-૩ : ગુણપ્રદાન પદ્ધતિની સમજૂતી**

પ્રવચન, નિરૂપણ સ્પર્ધા ૧૫

**વિભાગ-૪ : ગુણપ્રદાન પદ્ધતિની સમજૂતી**

નિબંધ લેખન સ્પર્ધા ૩૦

# વિભાગ - ૧

## પ્રવચન સ્પર્ધાના વિષયોની સમજૂતી

### ૧) યુવાનોનું પથદર્શક વચનામૃત :

- યુવાનોને લૌકિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધવા માટે તથા સફળ થવા માટે વચનામૃતમાંથી શું માર્ગદર્શન મળે છે ?

  દા.ત. : ગઢડા પ્રથમ - ૧૬માંથી સવળો વિચાર.

  આવા અન્ય વિષયો વચનામૃતમાંથી લઈ શકાય.

- યુવાનોના જીવનમાં આવતી સમસ્યાઓનું સમાધાન વચનામૃતનાં કયાં વિધાનોને આધારે મળે છે ?

  દા.ત. : માતા-પિતા મારા પર ભરોસો કરતા નથી. આ છે યુવાનની સમસ્યા. તેનો ઉકેલ

વચનામૃત સારંગપુર-૧૦માં છે કે ધર્મવાળો હોય તેનો પોતાના સંબંધીજનો અને બીજા વિશ્વાસ કરે.

- એવી રીતે યુવાનોને નડતી સમસ્યાઓ વિચારવી અને તેનો ઉકેલ વચનામૃતના કયા વિધાનમાંથી મળી શકે તે લઈ શકાય.

- યુવા અવસ્થામાં આવતાં વિઘ્નોની ઓળખ તથા તેનાથી બચવાનાં ઉપાય અંગે વચનામૃતનું માર્ગદર્શન.

  દા.ત. : વચનામૃત સારંગપુર-૧૮ યુવાન અવસ્થારૂપી સમુદ્રને તરવા માટેના ઉપાય.

- ■ ઉપરની બાબતોને લક્ષમાં રાખીને પ્રવચન તૈયાર કરવું. તે માટે નીચેની રીત અપનાવી શકાય.

  વચનામૃતની અનુક્રમણિકામાં આપેલા જુદા જુદા વિષયો જોવા. એમાંથી યુવાનોને

કયા વિષયો ઉપયોગી છે. તે વિચારવું. તે વિષયોમાં શ્રીજી મહારાજે જે વાત કરી છે તે વાત યુવાનોને કેવી રીતે માર્ગદર્શન આપે છે. તે સમજાવવું.

વચનામૃતમાં આપેલ માર્ગદર્શન પ્રમાણે વર્તવાથી યુવાનને લાભ થયો હોય અને એ મુજબ ન વર્તવાથી નુકસાન થયું હોય તેવા પ્રસંગો લઈ શકાય.

વચનામૃતના વિચારો મુખ્ય રહે તે રીતે તેની પુષ્ટિમાં અન્ય શાસ્ત્રોના કે ચિંતકોના વિચારો લઈ શકાય.

**(૨) વર્તમાન સામાજિક સમસ્યાઓનું સમાધાન વચનામૃત :**

- વર્તમાન યુગમાં સમાજ-વિશ્વમાં માનવજાતને નડતી સમસ્યાઓ વચનામૃતના માર્ગદર્શન દ્વારા કેવી રીતે હલ કરી શકાય તે આ

પ્રવચનમાં રજૂ કરવાનું છે.

- દા.ત. ૧) એક સમસ્યા છે, નાત-જાત-ધર્મ-રંગ વગેરેને કારણે થતા ભેદભાવ અને તેના ઝઘડા. આ સમસ્યાનો ઉકેલ વચનામૃતમાં આત્મવિચાર દ્વારા આપેલ છે કે આત્માને નાત કઈ, ગામ કયું, દેશ કયો, જાતિ કઈ... વગેરે દૃષ્ટિથી જોઈએ તો બધા આત્મા જ છે.

૨) વ્યસનની ગુલામી : લોકો વ્યસન છોડી શકતા નથી પણ વચનામૃતમાં લોયા-૮માં કહ્યું છે કે વ્યસન છોડી શકાય છે.

૩) આત્મહત્યાની સમસ્યાનો ઉકેલ સારંગપુર-૧૮માં છે કે મૂર્ખ હોય તે મૂંઝાય ત્યારે મરે પણ સમજણ રાખે તો દુઃખ અને સ્વભાવ ટળે, મૂંઝવણ ટળે.

૪) વ્યભિચાર - અનૈતિક સંબંધો - બળાત્કાર જેવી ગુનાહિત પ્રવૃત્તિ રોકવી હોય તો એ

પ્રકારની માનસિક વૃત્તિને ટાળવા વચનામૃતમાં માયિક પંચવિષયમાં દોષબુદ્ધિ રાખવાનો ઉપાય બતાવ્યો છે. દા.ત. લોયા-૧૦, પ્રથમ-૧૮ વગેરે.. (મનમાં ખોટા વિકારો ન થાય તેનો ઉપાય)

૫) વિશ્વની સમસ્યાઓનું કારણ શું છે ? તે વિચારવું તથા આ કારણો દૂર કરવા માટે વચનામૃત શો ઉપદેશ આપે છે ? તેના આધારે પ્રવચન તૈયાર કરી શકાય.

દા.ત. - ભ્રષ્ટાચાર, લાંચ, અનીતિનું કારણ છે લોભ અને લોભ ટાળવાનો ઉપાય વચનામૃતને આધારે શો છે ?

ટૂંકમાં આ રીતે જે સમસ્યાઓનો ઉકેલ વચનામૃતના ઉપદેશમાંથી મળતો હોય તે સમસ્યાઓ અને તેના ઉકેલનું વિધાન લઈ પ્રવચન તૈયાર કરી શકાય.

### ૩) વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણની યથાર્થ ઓળખ :

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે પોતાનો પરિચય આપતાં વિભિન્ન વાતો કરી છે. તેમાંથી તેઓની યથાર્થ ઓળખ કઈ છે ? શા માટે તેઓની યથાર્થ ઓળખ એ જ છે ? અને શા માટે તેઓએ યથાર્થ ઓળખ સિવાય વિભિન્ન રીતે પોતાની ઓળખ આપી છે ? વગેરે અંગે વચનામૃતનાં પ્રમાણોનાં આધારે પ્રવચન તૈયાર કરી શકાય.

વચનામૃતનાં વિધાનોને મુખ્ય રાખીને તેની પુષ્ટિ માટે તેને અનુરૂપ પ્રસંગો તથા અન્ય શાસ્ત્રોના પ્રમાણો લેવા હોય તો લઈ શકાય. (સંદર્ભ પુસ્તકો : અક્ષરપુરુષોત્તમ ઉપાસના, બ્રહ્મવિદ્યાનું અમૂલ્ય દર્શન, વચનામૃત રહસ્ય ભાગ-૨)

## ૪)સાધનામાં ગુણાતીત સત્પુરુષની આવશ્યકતા :

- વચનામૃતમાં જે સાધના દર્શાવવામાં આવી છે તેના પ્રત્યેક અંગમાં સત્પુરુષનું મહત્વ, સાધનાની સ્પષ્ટતા અને સિદ્ધિ માટે ગુણાતીત સત્પુરુષની જરૂરિયાત તથા જે સત્પુરુષની આવશ્યકતા બતાવી એ સત્પુરુષ એટલે ગુણાતીત અક્ષરબ્રહ્મ સ્વરૂપ સત્પુરુષ જ - વગેરે મુદ્દાઓ પ્રવચનમાં લઈ શકાય.
- વચનામૃતના વિધાનોને મુખ્ય રાખીને તેની પુષ્ટિ માટે પ્રસંગો તથા અન્ય શાસ્ત્રોનાં પ્રમાણો લઈ શકાય.

  (સંદર્ભ પુસ્તકો : વચનામૃત રહસ્ય ભાગ-૧, ૩, ૪, ૫ અથવા બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ : સ્વામિનારાયણીય સાધના)

# વિભાગ - ૨

## નિરૂપણ માટેના વચનામૃતનાં અવતરણો અંગે સમજૂતી

૧) ***વચનામૃત : ગ. પ્ર.-૧૬ :*** *'જે ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે.'*

● આ અવતરણ મુજબ વિવેકી ભક્ત એટલે ૧) પોતાના અવગુણ જાણે (૨) તેનો ત્યાગ કરે (૩) બીજાના અવગુણનો ત્યાગ કરે અને (૪) બીજાના ગુણ ગ્રહણ કરે. - આ ચાર મુદ્દાઓ પર નિરૂપણ કરવાનું છે.

*૨) **વચનામૃત : ગ. પ્ર. - ૧૮ :** પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે, અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક ઈન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે.*

● ઈન્દ્રિયોના આહાર એટલે કે આંખ, નાક, કાન, જીભ, ત્વચા વગેરે પંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જે કંઈ ગ્રહણ કરવામાં આવે છે તેની અંતઃકરણ પર એટલે કે મનના વિચારો પર કેવી અસર થાય છે તે આ વચનામૃતમાં દર્શાવ્યું છે. તેના ઉપર નિરૂપણ કરી શકાય. આ વચનામૃતના વિધાનને મુખ્ય રાખીને તેને અનુરૂપ પ્રસંગો તથા અન્ય વિગતો પ્રવચનમાં લઈ શકાય.

૩) ***વચનામૃત : ગ. પ્ર. - ૫૪ :*** *'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.'*

● ભાગવત ધર્મનું પોષણ થાય તે માટે અહીં બતાવેલા સંતનો પ્રસંગ કેવી રીતે કરવો ? એ મધ્યવર્તી વિચાર આધારિત નિરૂપણ તૈયાર કરવું.

૪) ***વચનામૃત : ગ. પ્ર. - ૭૧ :*** *ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'*

● ભગવાન અક્ષરબ્રહ્મ સહિત પૃથ્વી પર આવે છે તે સમજવું શા માટે જરૂરી છે ? તેમાં શું સમજવું ? અને આ વાત બીજાને કરવી, એ અક્ષરબ્રહ્મ કોણ તેની સ્પષ્ટતા... વગેરે મુદ્દા અહીં લઈ શકાય.

૫) ***વચનામૃત : લોયા-૩ :*** *જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.'*

● ભગવાનના નિશ્ચયવાળો ભક્ત કેવો હોય તેનાં લક્ષણો વર્ણવ્યા છે. તેને અનુરૂપ નિરૂપણ તૈયાર કરી શકાય.

૬) ***વચનામૃત : ગ. મ. - ૨૫ :*** *'જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહીં, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.'*

● ઉકાખાચરને સેવાનું વ્યસન કેવું હતું ? તે રીતે કોની સેવા કરવાથી કેવું ફળ મળે ? તે મુદ્દાઓ લઈ શકાય.

● અહીં વાસના ટાળવા માટે ભગવાન અને સંત બંનેની સેવાની વાત છે. એ સેવા એટલે કોની સેવા એ સ્પષ્ટતા નિરૂપણમાં કરવી જરૂરી છે.

● ટૂંકમાં, ભગવાન અને સંત બંનેની એટલે કે અક્ષરપુરુષોત્તમની સેવાનું વ્યસન હોય, તો આ વચનામૃતમાં કહ્યું તેવું ફળ મળે, એ મધ્યવર્તી વિચાર સાથે નિરૂપણ થવું જોઈએ.

# વિભાગ - ૩

## પ્રવચન, નિરૂપણ સ્પર્ધા
## ગુણપ્રદાન પદ્ધતિની સમજૂતી

**(૧) મુદ્દાની સ્પષ્ટતા : ૨૦ ગુણ**

- (પ્રવચન - ૨૦ ગુણ, નિરૂપણ - ૩૦ ગુણ)

- વિષયને અનુરૂપ જે મુદ્દો રજૂ કરવો છે, તે કેટલો સ્પષ્ટ રીતે કહેવાય છે ? લીધેલી વિગતો તથા તેનો બોધ (પ્રત્યેક વિગત દ્વારા શું કહેવું છે તે) કેટલી સ્પષ્ટ રીતે રજૂ થાય છે ? લીધેલ વિગતો વિષયને અનુરૂપ છે કે નહિ ? આ બાબતોને આધારે મુદ્દાની સ્પષ્ટતા નક્કી થાય. ટૂંકમાં, જે મેટર પસંદ કરવામાં આવે તથા તે જે રીતે બોલાય, તે કેટલા પ્રમાણમાં વિષયને અનુરૂપ છે ? તથા સામેવાળાને સમજાય જાય તેવી સ્પષ્ટતાથી રજૂ થયું છે કે નહિ ? તેને મુદ્દાની સ્પષ્ટતા કહેવાય. દા.ત.

## ★ વિષય : 'સેવાની રીત'

ઉદા. ૧ : 'સેવા કેવી રીતે કરવી જોઈએ ? ભગતજી મહારાજે સેવા કરી તે રીતે. સ્વામીની જીભ વળી તેમ તેમનો દેહ વળ્યો. સ્વામીએ ગિરનાર બોલાવવા કહ્યું. ભગતજીએ બુદ્ધિને તાળું મારી આજ્ઞા પાળી., વતું કરવાનું ક ું તો માન મૂકી વાળંદની સેવા કરી. ચંદની સીવવાની સેવા પણ ભગતજીએ ભજન કરતાં કરતાં કરી તેથી સ્વામી રાજી થયા. આ રીતે આપણે પણ સેવા કરવી જોઈએ.'

ઉદા. ૨ : 'સેવાની રીત આપણને ભગતજી મહારાજ થકી શીખવા મળે છે. ભગતજી માટે કહેવાતું કે સ્વામીની જીભ વળી તેમ ભગતજીનો દેહ વળ્યો. આમ, સત્પુરુષની આજ્ઞા પ્રમાણે તત્પરતાથી સેવા કરવી જોઈએ. ભગતજી ગિરનાર બોલાવવા દોડ્યા ! સેવામાં બુદ્ધિને તાળુંય મારવું પડે. સ્વામીએ વાળંદની સેવા કરવાનું કહ્યું તો ભગતજીએ આવી નાની સેવા

પણ ઉમંગથી સ્વીકારી ! ગમે તેવી સેવા હોય પણ માન મૂકીને તે કરવી જોઈએ. વળી, ચંદની સીવવાની સેવા કરતાં કરતાં ભગતજી અખંડ ભજન કરતાં. આમ, ભજન કરતાં કરતાં સેવા કરવી જોઈએ.'

★ **સમજૂતી :** ઉદાહરણ એક અને બેમાંથી કયા ઉદાહરણમાં કહેવાનો મુદ્દો સ્પષ્ટ રીતે સમજાઈ જાય છે ? શા માટે ? તે વિચાર કરીએ.

- અહીં 'સેવાની રીત' વિષય છે. ઉદા.૧માં માત્ર પ્રસંગો કહેવાયા છે. એ પ્રસંગ પછી સેવાની કઈ રીત, તેની સ્પષ્ટતા થઈ નથી. વળી, સેવાની રીત કહેવાની છે તેમાં 'બુદ્ધિને તાળા મારી આજ્ઞા પાળી.' એવું બોલવાથી અન્ય વિષય 'આજ્ઞા'ની વાત થઈ જાય છે. જ્યારે ઉદા.૨માં આજ્ઞાનો સીધો ઉલેલેખ કર્યા વિના તે જ પ્રસંગ કહેવાયો છે.

- ચંદનીના પ્રસંગમાં ઉદા.૧માં 'રાજીપા'નો ઉલ્લેખ કર્યો છે. જે સેવાનું ફળ છે, પરંતુ જ્યારે સેવાની

રીતનો મુદ્દો રજૂ થાય ત્યારે તેમાં ઉદા.૨ની જેમ માત્ર રીત જ રજૂ થાય તો વધુ સ્પષ્ટ રજૂઆત ગણાય.
- ઉદા.૧માં પ્રસંગને આધારે સેવાની રીત કઈ તે શ્રોતાએ વિચારવાનું રહે છે. જ્યારે ઉદા.૨માં વક્તા દ્વારા જ તે સ્પષ્ટ રીતે રજૂ થઈ જાય છે. આમ, ઉદા.૧માં મુદ્દાની સ્પષ્ટતા ઓછી છે અને ઉદા.૨માં વધુ છે.

**(૨) વિગત વૈવિધ્ય : ૨૦ ગુણ**

- આમાં બે બાબતો છે. પહેલી બાબત વિગતોનું વૈવિધ્ય એટલે કે પ્રસંગ, દૃષ્ટાંત, તર્ક, ક્વોટેશન, અન્ય ભાષાનો ઉપયોગ, શાસ્ત્રપ્રમાણ, કાવ્ય, સાખી, શ્લોક, સુવિચાર, મનન વગેરે જેવી વિવિધતાસભર વિગતોનો કેટલા પ્રમાણમાં સમાવેશ થયો છે તે વિગત વૈવિધ્ય ગણાય. ૭ મિનિટના પ્રવચનમાં સામાન્ય રીતે દૃષ્ટાંતો (કાલ્પનિક ઉદાહરણો) અને પ્રસંગો

(વાસ્તવિક ઉદાહરણો) લગભગ ૫ થી ૬ આવી શકે. કોઈ દૃષ્ટાંત કે પ્રસંગનું વર્ણન વિગતવાર હોય તો કોઈનો માત્ર ઉલ્લેખ હોઈ શકે. આ માત્ર એક સાદી ગણતરી છે. દૃષ્ટાંતો કે પ્રસંગો વત્તા-ઓછા હોઈ શકે. રજૂ કરેલા દૃષ્ટાંત કે પ્રસંગની પ્રમાણભૂતતા, તારવેલો ભાવાર્થ અને બોધના આધારે ગુણ આપવામાં આવશે. એવી જ રીતે અન્ય વિગત જેવી કે પ્રમાણો, સાખી, શ્લોક, પંક્તિ વગેરેમાં પણ ગુણ આપવામાં આવશે અને બીજી બાબત વિગતની રજૂઆતનું વૈવિધ્ય એટલે કે પ્રત્યેક વિગતની રજૂઆતમાં કેવું વૈવિધ્ય ઉમેરવામાં આવ્યું છે તે. જેમકે, મુદ્દો અથવા વિગત સીધે સીધી રજૂ થાય અને મુદ્દો અથવા વિગત જિજ્ઞાસા જળવાય તેવી રીતે પ્રશ્ન પૂછીને રજૂ થાય.

ઉદા. : 'કંટાળો ને આળસ છોડી, શરમ ને હું પદ મૂકી, મનનું મૂકી કરીએ સેવા, તન તોડીને કરીએ સેવા.' 'મિત્રો ! સેવામાં વળી કંટાળો અને આળસ

શાનાં ? ભગતજી મહારાજને જુઓ. સ્વામીની જીભ વળી નથી કે પોતાના દેહને વાળ્યો નથી. તન તોડી નાંખે તેવી ચૂનો પીસવાની સેવામાંય તેઓનો ઉત્સાહ ઓછો થયો નથી. અને હાં તમે જાણો છો ? સેવાના હવનમાં નડતર રૂપ 'હાડકું' કયું છે ? એ છે માનરૂપી હાડકું, પણ ભગતજીને તે નડ્યું નહીં. તેમણે આપણને શીખવ્યું કે 'હું' પદ મૂકીને નાનામાં નાની સેવા પણ મહિમાથી કરવી. ભગતજી મહારાજે વાસણ ઊટક્યાં, મરેલું કૂતરું ખસેડ્યું, વાળંદ તરીકે કામ કર્યું અને દર્શાવ્યું કે કોઈ સેવા હલકી નથી. આવા મહાપુરુષ જે સેવા કરે તે સેવા આપણને કરવા મળે તે તો ગૌરવની વાત કહેવાય. તેમાં શરમ ન હોય.

**(૩) રજૂઆત શૈલી : ૨૦ ગુણ**

– રજૂઆતના ગુણ નીચેના મુદ્દાને લક્ષમાં લઈ મળશે.

(૧) સ્પષ્ટ ઉચ્ચાર (સ્વાભાવિકપણે થતા પ્રાદેશિક

ઉચ્ચાર અયોગ્ય ન ગણાય.)

(૨) આરોહ-અવરોહ

(૩) યોગ્ય શબ્દોનો ઉપયોગ અને વાક્યમાં શબ્દોનો યોગ્ય જગ્યાએ ઉપયોગ

(૪) વાક્યની ગોઠવણી

(૫) સાતત્ય (ફ્લ્યુઅન્સી)

(૬) આંખ દ્વારા સંપર્ક

(૭) ચહેરાના હાવભાવ

(૮) હાથનું હલનચલન

(૯) અલ્પવિરામ અને પૂર્ણવિરામ આગળ યોગ્ય વિરામ વગેરે.

પ્રવચન દરમ્યાન ઉપરોક્ત મુદ્દાઓનું યોગ્ય, સપ્રમાણ સંકલન થયું છે કે નહિ તે અનુસાર રજૂઆતની શૈલીના ગુણ નક્કી થશે. હાવભાવ તથા બોલવાનો પ્રવાહ સાહજિક હોય તે વધુ સારું કહેવાય. અતિશય નાટકીય હાવભાવ તથા બોલવાની શૈલી

યોગ્ય ન કહેવાય.

નિરૂપણમાં રજૂઆત શૈલીમાં જ ક્રમપ્રવાહને ધ્યાનમાં લેવાશે.

**(૪) ભાષાવૈભવ : ૧૦ ગુણ**

- (માત્ર પ્રવચનમાં) ભાષાની સરળતા, સાહજિકતાની સાથે સાથે ભાષાકીય શણગારોથી ભાષાવૈભવ રચાય છે. યોગ્ય શબ્દો, વાક્ય રચના, ઉપમાઓ, રૂપક, પ્રાસનો મેળ, સ્પષ્ટ અને સચોટ વાક્યો વગેરે બાબતોનો સમાવેશ ભાષાવૈભવમાં થાય. ભાષાવૈભવનો હેતુ એ છે કે જે વાત રજૂ કરવાની છે, તે સરળતાથી અને સ્પષ્ટ રીતે સમજાઈ જાય, છતાં અસરકારક અને પ્રભાવક લાગે. ભાષામાં વૈભવ ઉમેરતી વખતે એ ધ્યાનમાં રાખવું કે તેનાથી તે સમજવામાં અઘરું ન થવું જોઈએ.

- 'ભગતજી મહારાજે સેવામાં પોતાના દેહને ન

ગણકાર્યો.' આ વિધાનને ભાષાવૈભવ ઉમેરી કેવી રીતે રજૂ કરાય તે માટે અહીં બે ઉદાહરણ આપવામાં આવ્યા છે.

ઉદા.૧ 'ભગતજી મહારાજે સેવાના યજ્ઞમાં પોતાના દેહની આહુતિ આપી દીધી.' અહીં યજ્ઞના રૂપક દ્વારા ભાષાવૈભવ ઉમેરવામાં આવ્યો છે.

ઉદા.૨ 'સેવાના અગાધ સમુદ્રમાં મોજાંને ગણકાર્યા વિના ભગતજીએ પોતાની દેહરૂપી નૌકા તેમાં તરતી મૂકી.' અહીં નાવની ઉપમા દ્વારા ભાષા વૈભવ ઉમેરવામાં આવ્યો છે.

- ઉદા.૧માં યોજેલ રૂપક યોગ્ય અને અસરકારક છે, પરંતુ ઉદા.૨માં યોજેલ ઉપમા થોડી વિચિત્ર છે અને અસ્પષ્ટ છે. તેથી તે અસરકારક બનતું નથી.

**(૫) ક્રમપ્રવાહ : ૧૦ ગુણ**

- (માત્ર પ્રવચનમાં) પ્રવચનનું આખું માળખું,

મુદ્દાઓની તથા વિગતોની ગોઠવણી, એક મુદ્દા કે વિગત પછી બીજો મુદ્દો કે વિગત રજૂ કરવા બંને વચ્ચે કેવો સંબંધ સાંકળ્યો છે ? વગેરે બાબતોની ગણના ક્રમપ્રવાહમાં થાય. આમ, પ્રત્યેક મુદ્દાઓ તથા વિગતોને એકમેક સાથે કેવી રીતે સાંકળ્યાં છે, તેને લીંક કહેવાય. ફૂલો દોરામાં પરોવાય તો સુંદર હાર બને, તેમ મુદ્દાઓ અને વિગતો એક લીંકમાં પરોવાય તો રસપ્રદ પ્રવચન બને અને શ્રોતાને એકસૂત્રતા અનુભવાય. જો ક્રમપ્રવાહ-સાંકળી યોગ્ય રીતે ન કરવામાં આવી હોય તો શ્રોતાને ટુકડા ટુકડા સાંભળતા હોય તેવું લાગે.

- અગાઉના ઉદા.૨માં સીધે સીધા પ્રસંગો અને સેવાની રીતો રજૂ થઈ છે. તેને લીંકમાં આ રીતે રજૂ કરી શકાય.

- ‘સેવાની આદર્શ રીત ભગતજી મહારાજ થકી શિખાય છે. સેવામાં પ્રથમ પગથિયું છે, ઉત્સાહ

અને તત્પરતા. ભગતજી માટે કહેવાતું કે સ્વામીની જીભ વળી તેમ ભગતજીનો દેહ વળ્યો. તેઓ આવી તત્પરતાથી સેવા કરતા. સેવા કરવાનો એટલો ઉત્સાહ અને ઉમંગ હોય કે સેવા કરવામાં બુદ્ધિને તાળું મારતાં પણ સંકોચ ન થાય. આ પગથિયું પણ ભગતજીએ સિદ્ધ કરેલ. સ્વામીના કહેવાથી ગિરનાર બોલાવવા જવાની સેવા કરવામાં ભગતજીને પોતાની બુદ્ધિ આડી નહોતી આવી. સેવાનું એથીય એક ઊંચું પગથિયું છે, માન મૂકીને સેવા કરવી. મુંડન કરવાની, લોકની રીતે નાની સેવા પણ ભગતજીએ ૬-૬ મહિના સુધી કરી છે અને સેવાનું સર્વોચ્ચ પગથિયું છે, અખંડ ભજન કરતાં કરતાં સેવા કરવી. ભગતજીએ ચંદની સીવવાની સેવામાં અખંડ ભજનનો વેગ તૂટવા દીધો નહોતો. આમ, સેવાનાં તમામ સોપાન ભગતજી મહારાજના જીવન દ્વારા શીખવા મળે છે.

- અહીં સેવાનાં પગથિયાં દ્વારા ચડતા ક્રમમાં

શૃંખલા ગોઠવવામાં આવી છે. તેને સીધી રીતે, કહેવું હોય તો 'સેવાની ચાર રીત છે, પહેલી..., બીજી..., ત્રીજી..., ચોથી...' આ રીતે પણ ગોઠવી શકાય.

**(૬) આરંભ-અંત : ૦૫ ગુણ**

- (માત્ર પ્રવચનમાં) આરંભ અને અંતની યોગ્યતા અને અસરકારકતાને ધ્યાનમાં લઈ ગુણપ્રદાન થશે. પ્રવચનના વિષયને અનુરૂપ આરંભ અને અંત હોવા જરૂરી છે. આરંભ જિજ્ઞાસા જન્માવે કે પ્રભાવ પાડી દે તેવો હોઈ શકે જ્યારે અંત પ્રેરણાત્મક છાપ છોડી જાય, શ્રોતાને કોઈ વિચારમાં રમમાણ કરી મૂકે, જેથી સાંભળ્યા પછીય તે વિચાર તેના મનમાં રમ્યા કરે, સમગ્ર પ્રવચનનો સાર ટૂંકમાં દૃઢાવે તે પ્રકારનો હોઈ શકે. આરંભ-અંત માટે પ્રસંગ, બોધકથા, રમૂજી ટૂચકો, કડી, શ્લોક, ક્વોટેશન, મનન, તર્ક વગેરે વિગત-વૈવિધ્ય વાપરી શકાય.

**(૭) સમયમર્યાદા : ૦૫ ગુણ**

- નક્કી કરેલ સમયથી ૨૦ સેકન્ડથી વધુ સમય થશે તો સમયમર્યાદાના ગુણ મળશે નહી.

**(૮) સમગ્ર અસર : ૧૦ ગુણ**

- ઉપરોક્ત ગુણપ્રદાનની બાબતો ઉપરાંત નિર્ણાયકને પોતાને પ્રવચન તથા રજૂઆત કેવી લાગી તેને આધારે નિર્ણાયક સમગ્ર અસરના ગુણ આપશે.

**(૯) વાંચનની લઢણ : ૧૦ ગુણ**

- વચનામૃત વાંચવાની સાંપ્રદાયિક લઢણ તથા એક વિશિષ્ટ લહેકો છે. તે પ્રમાણે વાંચન થાય છે કે નહિ તેની નોંધ લેવામાં આવશે. વળી, વાંચન કરતી વખતે વાક્યમાં અર્થસ્પષ્ટતા જળવાઈ રહે તે રીતે યોગ્ય સ્થાને વિરામ લેવામાં આવે છે કે નહિ તે પણ ધ્યાનમાં લેવાશે.

દા.ત. : જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે,/ એવો

પોતાને સમજવાનો હોય / અને જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે, / તેવો પોતાના દોષ ટાળવાનો હોય / તો કાંઈ કસર રહે નહિ. - આ પ્રમાણે જ્યાં '/' કરેલ છે, ત્યાં વિરામ લેવો યોગ્ય છે. પરંતુ 'જેવો બીજાને / સમજાવવાનો / આગ્રહ છે એવો / પોતાને / ...' આ પ્રમાણે વિરામ લેવો યોગ્ય નથી.

**(૨) સમાપન : ૦૫ ગુણ**

- અંતની યોગ્યતા અને અસરકારકતાને ધ્યાનમાં લઈ ગુણપ્રદાન થશે. નિરૂપણના વિષયને અનુરૂપ અંત હોવો જરૂરી છે. અંત પ્રેરણાત્મક છાપ છોડી જાય, શ્રોતાને કોઈ વિચારમાં રમમાણ કરી મૂકે, જેથી સાંભળ્યા પછીય તે વિચાર તેના મનમાં રમ્યા કરે, સમગ્ર નિરૂપણનો સાર ટૂંકમાં દઢાવે તે પ્રકારનો હોઈ શકે. અંત માટે પ્રસંગ, બોધકથા, રમૂજી ટૂચકો, કડી, શ્લોક, ક્વોટેશન, મનન, તર્ક વગેરે વિગત-વૈવિધ્ય

વાપરી શકાય. નિરૂપણમાં આરંભ કરતાં અંતનું મહત્ત્વ વધુ હોય છે.

# વિભાગ - ૪

## નિબંધ લેખન સ્પર્ધા
## ગુણપ્રદાન પદ્ધતિની સમજૂતી

### (૧) વિષયની સ્પષ્ટતા : (૩૦ ગુણ)

- **સમ**ગ્ર નિબંધમાં આપેલ વિષય કેટલી સ્પષ્ટ રીતે રજૂ થયો છે ? નિબંધમાં લીધેલ મુદ્દાઓ અને પેટા મુદ્દાઓ વિષય સાથે સુસંગત છે કે નહીં ? પ્રત્યેક મુદ્દા દ્વારા જે વાત સમજાવવી છે તે સ્પષ્ટ રીતે સમજાય છે કે નહીં ? પ્રત્યેક વિગતો જેમ કે પ્રસંગ, દૃષ્ટાંત, તર્ક, મનન, પ્રમાણ વગેરે દ્વારા જે સમજાવવું છે તે સ્પષ્ટ રીતે લખાયું છે કે નહીં ? આ બાબતોને આધારે વિષયની સ્પષ્ટતા નક્કી થાય.

ટૂંકમાં, જે વિગતો પસંદ કરવામાં આવે અને તે વિગતો જે રીતે લખવામાં આવે તે લખાણ કેટલા પ્રમાણમાં વિષયને અનુરૂપ છે ? તથા વાંચનારને

સમજાય જાય તેવી સ્પષ્ટતાપૂર્વક લખાયું છે કે નહીં ? તેને આધારે વિષયની સ્પષ્ટતાના ગુણ મળે.

**દા.ત. : વિષય : 'સેવાની રીત'**

★ ઉદા. ૧ : 'સેવા કેવી રીતે કરવી જોઈએ ? ભગતજી મહારાજે સેવા કરી તે રીતે. સ્વામીની જીભ વળી તેમ તેમનો દેહ વળ્યો. સ્વામીએ ગિરનાર બોલાવવા કહ્યું. ભગતજીએ બુદ્ધિને તાળું મારી આજ્ઞા પાળી., વતું કરવાનું કહ્યું તો માન મૂકી વાળંદની સેવા કરી. ચંદની સીવવાની સેવા પણ ભગતજીએ ભજન કરતાં કરતાં કરી તેથી સ્વામી રાજી થયા. આ રીતે આપણે પણ સેવા કરવી જોઈએ.'

★ ઉદા. ૨ : 'સેવાની રીત આપણને ભગતજી મહારાજ થકી શીખવા મળે છે. ભગતજી માટે કહેવાતું કે સ્વામીની જીભ વળી તેમ ભગતજીનો દેહ વળ્યો. આમ, સત્પુરુષની આજ્ઞા પ્રમાણે તત્પરતાથી સેવા કરવી જોઈએ. ભગતજી ગિરનાર બોલાવવા દોડ્યા !

સેવામાં બુદ્ધિને તાળુંય મારવું પડે. સ્વામીએ વાળંદની સેવા કરવાનું કહ્યું તો ભગતજીએ આવી નાની સેવા પણ ઉમંગથી સ્વીકારી ! ગમે તેવી સેવા હોય પણ માન મૂકીને તે કરવી જોઈએ. વળી, ચંદની સીવવાની સેવા કરતાં કરતાં ભગતજી અખંડ ભજન કરતાં. આમ, ભજન કરતાં કરતાં સેવા કરવી જોઈએ.'

★ **સમજૂતી :** ઉદાહરણ એક અને બેમાંથી કયા ઉદાહરણમાં કહેવાનો મુદ્દો સ્પષ્ટ રીતે સમજાઈ જાય છે ? શા માટે ? તે વિચાર કરીએ.

– અહીં 'સેવાની રીત' વિષય છે. ઉદા.૧માં માત્ર પ્રસંગો લખાયા છે. એ પ્રસંગ પછી સેવાની કઈ રીત, તેની સ્પષ્ટતા થઈ નથી. વળી, સેવાની રીત કહેવાની છે તેમાં 'બુદ્ધિને તાળા મારી આજ્ઞા પાળી.' એવું લખવાથી અન્ય વિષય 'આજ્ઞા'ની વાત આવી જાય છે. જ્યારે ઉદા.૨માં આજ્ઞાનો સીધો ઉલેલેખ કર્યા વિના તે જ પ્રસંગ લખાયો છે.

- ચંદનીના પ્રસંગમાં ઉદા.૧માં 'રાજીપા'નો ઉલ્લેખ કર્યો છે. જે સેવાનું ફળ છે, પરંતુ જ્યારે સેવાની રીતનો મુદ્દો રજૂ થાય ત્યારે તેમાં ઉદા.૨ની જેમ માત્ર રીત જ રજૂ થાય તો વધુ સ્પષ્ટ રજૂઆત ગણાય.

- ઉદા.૧માં પ્રસંગને આધારે સેવાની રીત કઈ તે વાચકે વિચારવાનું રહે છે. જ્યારે ઉદા.૨માં લેખક દ્વારા જ તે સ્પષ્ટ રીતે રજૂ થઈ જાય છે. આમ, ઉદા.૧માં મુદ્દાની સ્પષ્ટતા ઓછી છે અને ઉદા.૨માં વધુ છે.

## (૨) વિગત વૈવિધ્ય : (૨૦ ગુણ)

- વિગતોનું વૈવિધ્ય એટલે કે નિબંધમાં જે તે મુદ્દાને અનુરૂપ પ્રસંગ, દૃષ્ટાંત, તર્ક, સંદર્ભ, પ્રમાણ, કાવ્ય, સાખી, શ્લોક, સુવિચાર, મનન વગેરે જેવી વિવિધતાસભર વિગતોનો યોગ્ય પ્રમાણમાં સમાવેશ થયો છે કે નહિ તેને આધારે તથા વિગતોની સત્યતા

અને પ્રમાણભૂતતાને આધારે ગુણ પ્રાપ્ત થશે.

**(૩) ભાષા શૈલી : (૨૦ ગુણ)**

- ભાષા શૈલીમાં અહીં જણાવેલી બાબતોને અનુલક્ષીને ગુણ આપવામાં આવશે.

(૧) મુદ્દાઓની ગોઠવણી, નિબંધનું માળખું, વિગતોનો ક્રમ પ્રવાહ વગેરે...

(૨) ભાષાની સરળતા, પ્રવાહિતતા અને અસરકારકતા, યોગ્ય વાક્યરચના

(૩) ભાષાવૈભવ : એટલે કે યોગ્ય શબ્દો, અલંકારો, ઉપમાઓ, રૂપક, પ્રાસનો મેળ, સ્પષ્ટ અને ચોટદાર વાક્ય પ્રયોગો, ચિત્રાત્મક વર્ણન વગેરે...

- ભાષાશૈલીમાં ભાષાવૈભવનો હેતુ એ છે કે જે વાત રજૂ કરવાની છે, તે સરળતાથી અને સ્પષ્ટ રીતે સમજાઈ જાય, છતાં અસરકારક અને પ્રભાવક લાગે. ભાષામાં વૈભવ ઉમેરતી વખતે એ ધ્યાનમાં રાખવું કે

તેનાથી તે સમજવામાં અઘરું ન થવું જોઈએ.

- 'ભગતજી મહારાજે સેવામાં પોતાના દેહને ન ગણકાર્યો.' આ વિધાનને ભાષાવૈભવ ઉમેરી કેવી રીતે લખાય તે માટે અહીં બે ઉદાહરણ આપવામાં આવ્યા છે.

★ ઉદા.૧ 'ભગતજી મહારાજે સેવાના યજ્ઞમાં પોતાના દેહની આહુતિ આપી દીધી.' અહીં યજ્ઞના રૂપક દ્વારા ભાષાવૈભવ ઉમેરવામાં આવ્યો છે.

★ ઉદા.૨ 'સેવાના અગાધ સમુદ્રમાં મોજાંને ગણકાર્યા વિના ભગતજીએ પોતાની દેહરૂપી નૌકા તેમાં તરતી મૂકી.' અહીં નાવની ઉપમા દ્વારા ભાષા વૈભવ ઉમેરવામાં આવ્યો છે.

- ઉદા.૧માં યોજેલ રૂપક યોગ્ય અને અસરકારક છે, પરંતુ ઉદા.૨માં યોજેલ ઉપમા થોડી વિચિત્ર છે અને અસ્પષ્ટ છે. તેથી તે અસરકારક અને સમજવામાં સરળ બનતું નથી.

**(૪) મૌલિકતા - વિચાર કલ્પના : ૨૦ ગુણ**

- સંદર્ભ ગ્રંથમાં આપેલી વિગતો ઉપરાંત લીધેલી અન્ય વિગતો મૌલિકતા કહેવાય. કોઈપણ વિગતમાંથી નૂતન બોધ તારવીને રજૂ કરવામાં આવે તો તે મૌલિકતા કહેવાય.

- વિષયને અનુરૂપ લેખકના પોતાના વિચારો, મનનો, અનુભવો, નિરીક્ષણ કે તારણ વગેરે બાબતો મૌલિકતા કહેવાય.

- કોઈ પણ વિગત કે બાબતને નિરાળા દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવે તો તે લેખકની મૌલિકતા કહેવાય.

- અન્ય સ્પર્ધકોના લખાણથી કે સામાન્યતઃ જે તે વિષયમાં જે પ્રકારે લખાતું હોય તેવા લખાણથી નિબંધ કેટલે અંશે નવીનતા ધરાવે છે તે પણ મૌલિકતા કહેવાય.

- મૌલિકતા ભેળવવા જતાં વિષયની સ્પષ્ટતાને હાનિ ન પહોંચે તથા સૈદ્ધાંતિક અસ્પષ્ટતા કે વિરોધ

ન આવે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

★ **મૌલિકતાનાં ઉદાહરણો :**

ઉદા.૧ : 'નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન' એવું કહેવાય છે શાસ્ત્રીજી મહારાજને 'નીચું નિશાન' માન્ય નહોતું. એટલું જ નહિ 'નિશાન ચૂક' પણ માન્ય નહોતું. એકવાર ધ્યેય નક્કી કર્યું પછી તે સિદ્ધ કરીને જ તેઓ જંપતા. (પ્રસંગ)'

★ **સમજૂતી :** અહીં 'નિશાન ચૂક ..... ' એ પ્રચલિત વિચારમાં લેખકે પોતાનો વિચાર ભેળવી શાસ્ત્રીજી મહારાજની ધ્યેયનિષ્ઠાને વિશેષ રીતે વર્ણવી છે.

ઉદા.૨ : 'ભગતજી મહારાજને ગિરનાર બોલાવવાની આજ્ઞા થઈ. દરેક વખતે ગિરનાર બોલાવી લાવવાનો ન હોય, પરંતુ આપણી બુદ્ધિમાં ન બેસે તેવી આજ્ઞા આપણને કરવામાં આવે ખરી. જેમકે, પ્રમુખસ્વામી મહારાજ કહે છે ભણતાં વિદ્યાર્થીઓએ

મોબાઈલ ન વાપરવો.' સામાન્ય બુદ્ધિથી વિચારતાં મોબાઈલની જરૂર જણાય પરંતુ તે વખતે આજ્ઞામાં તર્ક ન દોડાવતાં આ આજ્ઞા પાળવી, તે ભગતજી મહારાજના આ પ્રસંગમાંથી શીખવું જોઈએ.'

★ **સમજૂતી :** અહીં ગિરનારને બોલાવવાની આજ્ઞાને લેખકે પોતાના વિચારો ભેળવી વર્તમાન પરિસ્થિતિ સાથે સરખાવીને પ્રસંગનો બોધ સ્પષ્ટ કર્યો છે.

ઉદા.૩ : 'રસોઈમાં એકલું મીઠું હોય તો ન ચાલે, એકલું મરચું ન ચાલે, એકલું લીંબું ન ચાલે, એકલી ખાંડ ન ચાલે, પરંતુ મીઠું, મરચું, ખાંડ, લીંબુ યોગ્ય રીતે ભેગા થાય, તો સારો સ્વાદ આવે તેમ કોઈપણ કાર્યમાં આવી વિવિધ પ્રકૃતિવાળા લોકો ભેગા થઈ સંપથી કાર્ય કરે તો સારું પરિણામ મળે.'

★ **સમજૂતી :** અહીં લેખકે પોતાના અવલોકનને આધારે તારણ કાઢીને મુદ્દો રજૂ કર્યો છે. આ રીતે

મૌલિકતા ઉમેરવામાં ખાસ ધ્યાન રાખવું પડે કે સૈદ્ધાંતિક રીતે તારણ પ્રતીતિજનક છે કે નહિ. સાવ મનઘડંત તારણ કાઢવાથી અસરકારકતા અને પ્રતીતિજનકતાને હાનિ પહોંચે છે. વળી, સૈદ્ધાંતિક વિરોધ આવે તેવું તારણ પણ યોગ્ય ન કહેવાય.

**(૫) સમગ્ર અસર : (૧૦ ગુણ)**

- ઉપરોક્ત બાબતો ઉપરાંત વ્યક્તિગત રીતે નિર્ણાયકના મન પર નિબંધની કેવી અસર થઈ છે ? નિર્ણાયકને નિબંધ કેવો લાગ્યો ? તેને આધારે નિર્ણાયક સમગ્ર અસરના ગુણ આપશે.